# પ્રાર્થનામાં દેવની સમીપ જવું

**શા માટે નિયમિતપણે પ્રાર્થના કરવી મહત્ત્વનું છે? (૧)**
**આપણે કોને પ્રાર્થના કરવી જોઈએ, અને કઈ રીતે? (૨, ૩)**
**પ્રાર્થના માટે યોગ્ય વિષયો કયા છે? (૪)**
**તમારે ક્યારે પ્રાર્થના કરવી જોઈએ? (૫, ૬)**
**શું દેવ બધી પ્રાર્થનાઓ સાંભળે છે? (૭)**

૧. પ્રાર્થના એ નમ્રતાપૂર્વક દેવ સાથે વાત કરવી છે. તમારે નિયમિતપણે દેવને પ્રાર્થના કરવી જોઈએ. એ રીતે તમે એક વહાલા મિત્રની જેમ દેવની સમીપતા અનુભવી શકશો. યહોવાહ ઘણા મહાન અને શક્તિશાળી છે, તોપણ તે આપણી પ્રાર્થનાઓ સાંભળે છે! શું તમે દેવને નિયમિતપણે પ્રાર્થના કરો છો?—ગીતશાસ્ત્ર ૬૫:૨; ૧ થેસ્સાલોનીકી ૫:૧૭.

૨. પ્રાર્થના આપણી ઉપાસનાનો એક ભાગ છે. તેથી, આપણે ફક્ત યહોવાહ દેવને પ્રાર્થના કરવી જોઈએ. ઈસુ પૃથ્વી પર હતા ત્યારે, તેમણે હંમેશા તેમના પિતાને પ્રાર્થના કરી, બીજા કોઈને નહિ.







આપણે પણ એમ જ કરવું જોઈએ. (માત્થી ૪:૧૦; ૬:૯) જોકે, આપણી સર્વ પ્રાર્થનાઓ ઈસુના *નામમાં* થવી જોઈએ. એ બતાવે છે કે આપણે ઈસુની પદવીને આદર આપીએ છીએ અને આપણને તેમના ખંડણી બલિદાનમાં વિશ્વાસ છે.—યોહાન ૧૪:૬; ૧ યોહાન ૨:૧, ૨.

૩. આપણે દેવને પ્રાર્થના કરીએ ત્યારે, આપણે આપણાં હૃદયમાંથી બોલવું જોઈએ. આપણે આપણી પ્રાર્થનાઓ ગોખીને કરવી ન જોઈએ કે પ્રાર્થનાપોથીમાંથી વાંચવી ન જોઈએ. (માત્થી ૬:૭, ૮) આપણે કોઈ પણ આદરણીય સ્થિતિમાં, કોઈ પણ સમયે, અને કોઈ પણ જગ્યાએ પ્રાર્થના કરી શકીએ. અરે હૃદયમાં કરેલી મૂક પ્રાર્થનાઓ પણ દેવ સાંભળે છે. (૧ શમૂએલ ૧:૧૨, ૧૩) આપણી વ્યક્તિગત પ્રાર્થના કરવા માટે લોકોથી દૂર શાંત જગ્યા શોધવી સારું છે.—માર્ક ૧:૩૫.

૪. તમે કયા વિષયો પર પ્રાર્થના કરી શકો? દેવ સાથેની તમારી મિત્રતાને અસર કરી શકે એવી કોઈ પણ બાબત. (ફિલિપી ૪:૬, ૭) નમૂનાની પ્રાર્થના બતાવે છે કે આપણે યહોવાહના નામ અને હેતુ વિષે પ્રાર્થના કરવી જોઈએ. આપણે આપણી ભૌતિક જરૂરિયાતો પૂરી પાડવા માટે, પાપોની માફી માટે, અને પરીક્ષણનો પ્રતિકાર કરવામાં મદદ માટે પણ માંગી શકીએ. (માત્થી ૬:૯-૧૩) આપણી પ્રાર્થનાઓ સ્વાર્થી ન હોવી જોઈએ. આપણે દેવની ઈચ્છાના સુમેળમાં હોય એવી બાબતો માટે જ પ્રાર્થના કરવી જોઈએ.—૧ યોહાન ૫:૧૪.

૫. જ્યારે પણ તમારું હૃદય તમને દેવનો આભાર માનવા કે સ્તુતિ કરવા પ્રેરે ત્યારે તમે પ્રાર્થના કરી શકો. (૧ કાળવૃત્તાંત ૨૯:૧૦-૧૩) તમને કોયડા હોય અને તમારા વિશ્વાસની કસોટી થઈ રહી હોય ત્યારે તમારે પ્રાર્થના કરવી જોઈએ. (ગીતશાસ્ત્ર ૫૫:૨૨; ૧૨૦:૧) તમે ભોજન કરો એના પહેલાં પ્રાર્થના કરવી યોગ્ય છે. (માત્થી ૧૪:૧૯) યહોવાહ આપણને "હરવખત" પ્રાર્થના કરવા આમંત્રણ આપે છે.—એફેસી ૬:૧૮.

૬. આપણે ગંભીર પાપ કર્યું હોય તો, આપણને પ્રાર્થના કરવાની વિશેષ જરૂર છે. એવા સમયે આપણે યહોવાહની દયા તથા માફી માટે આજીજી કરવી જોઈએ. આપણે તેમની આગળ આપણાં પાપોની કબૂલાત કરીએ અને આપણે એનું પુનરાવર્તન ન કરવા બનતો પ્રયત્ન કરીએ તો, દેવ "ક્ષમા કરવાને તત્પર" છે.—ગીતશાસ્ત્ર ૮૬:૫; નીતિવચન ૨૮:૧૩.

૭. યહોવાહ ફક્ત ન્યાયી લોકોની જ પ્રાર્થના સાંભળે છે. દેવ તમારી પ્રાર્થના સાંભળે માટે, તમે તમારું જીવન તેમના નિયમો મુજબ જીવવા ખંતપૂર્વક મહેનત કરતા હોવા જોઈએ. (નીતિવચન ૧૫:૨૯; ૨૮:૯) તમે પ્રાર્થના કરો ત્યારે તમે નમ્ર હોવા જ જોઈએ. (લુક ૧૮:૯-૧૪) તમારે તમારી પ્રાર્થનાના સુમેળમાં કાર્ય કરવાની જરૂર છે. આમ તમે સાબિત કરશો કે તમને વિશ્વાસ છે અને તમે પ્રાર્થનામાં જે કહો છો એ ખરેખર માનો છો. ફક્ત ત્યારે જ યહોવાહ તમારી પ્રાર્થનાનો જવાબ આપશે.—હેબ્રી ૧૧:૬.